| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૮/૦૧/૨૦૨૦ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૧/૨૦૨૦**

## નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

**નોબલનગર વિસ્તારમાં રહેતા રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ બાબુભાઇ દેસાઇ નુ ખુન કરી નાસતા ફરતા મુખ્ય આરોપીઓની ધરપકડ કરતી સરદારનગર પોલીસ**

સરદારનગર પોલીસ સ્ટેશન ફર્સ્ટ.ગુ.ર.નંબર.૧૧૧૯૧૦૪૦૨૦૦૨૨૧/૨૦૨૦ ઇ.પી.કો.કલમ-૩૦૨,૩૨૪,૧૧૪ તથા જીપીએકટ કલમ ૧૩૫(૧) મુજબના ફરીયાદીશ્રી રમેશભાઇ સા/ઓફ બાબુભાઇ જાતે- દેસાઇઉ.વ ૩૮ ધંધો વેપાર રહે, બી/૦૫ સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર નાઓની ફરીયાદ ના કામે હકીકત એવી છે કે તા.૧૯/૦૧/૨૦૨૦ ના કલાક.૨૨/૩૦ વાગ્યાના દરમ્યાન નોબલનગર સુદામા પાર્ક સોસાયટી ના ગેટની આગળ જાહેરમાં ફરીયાદી ના ભાઇ મરણ જનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ બાબુભાઇ દેસાઇ નાઓને તેઓની સોસાયટી માં રહેતા (૧) આશીષ ગણેશભાઇ વ્યાસ (૨) સુકેશ ગણેશભાઇ વ્યાસ બંન્ને રહે, સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર (૩) મનોજ લાલવાણી ઉર્ફે મનોજ ટીકડી નાઓએ ભેગા મળી તિક્ષ્ણ ધારદાર હથિયાર ચપ્પા વડે આ કામના મરણ જનાર રાજેશભાઇ ઉર્ફે રાજુભાઇ બાબુભાઇ દેસાઇ નાઓને અગાઉ ના જુના ઝઘડાની અદાવત રાખી શરીરે જુદા જુદા ભાગે ઉપરા છાપરી ઘા મારી ગંભીર ઇજાઓ કરી લોહી લુહાણ કરતાં તેઓને સારવાર માટે આનંદ સર્જીકલ હોસ્પીટલ મેમ્કો ખાતે લઈ જતા ત્યાં ના ફરજ ઉપર ના ડોકટર શ્રીએ કલાક.૨૩/૦૦ વાગે મરણ જાહેર કરેલ અને આ રીતે તેનુ મોત નિપજાવેલ હોય તેમજ ફરીયાદી તથા સાહેદ વિવેક ઉર્ફે આશીષભાઇ શર્મા નાઓ મરણ જનાર ને બચાવવા માટે વચ્ચે પડતા તેઓને પણ આરોપીઓએ ચપ્પા ના ઘા મારી ઇજાઓ કરી ગુન્હો કરેલ હોય જેથી ગુન્હો કર્યા અંગેની ફરીયાદીશ્રીની ફરીયાદ આધારે સદર ગુન્હો દાખલ થયેલ.

જેમાં સદર ગુન્હો કર્યા બાદ આ ગુન્હા ના મુખ્ય આરોપીઓ (૧) આશીષ ગણેશભાઇ વ્યાસ (૨) સુકેશ ગણેશભાઇ વ્યાસ બંન્ને રહે, સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર (૩) મનોજ ઉર્ફે "મનોજ ટીકડી" મગનલાલ લાલવાણીનાઓ ગુના કર્યા બાદનાસતા ફરતા હતા અને તપાસ દરમ્યાન અમદાવાદ પાલનપુર હાઇવે ઉપર અરોમા સર્કલ પાલનપુર ખાતે આવેલ વે-વેઇટ હોટલ તેમજ અરોમા સર્કલપાસેથી બાતમી ના આધારે મળી આવેલ જે આરોપીને શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર,સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર–૨ (ઇન્ચાર્જ) અમદાવાદશહેર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ અમદાવાદ શહેર, મદદનીશ પોલીસ કમિશનરશ્રી "જી" ડીવીઝન અમદાવાદ શહેર નાઓએ આપેલ સુચના આધારે સી.આર.જાદવ પોલીસ ઇન્સ્પેક્ટર નાઓની સુચના, માર્ગદર્શન તથા ટેકનીકલ સપોર્ટ આધારે તેમજ એમ.બી.બારડ સે.પોલીસ ઇન્સપેકટર નાઓની દોરવણી હેઠળમુખ્ય આરોપીઓ(૧) આશીષ ગણેશભાઇ વ્યાસ (૨) સુકેશ ગણેશભાઇ વ્યાસ બંન્ને રહે, સુદામા પાર્ક નોબલનગર સરદારનગર અમદાવાદ શહેર (૩) મનોજ ઉર્ફે "મનોજ ટીકડી" મગનલાલ લાલવાણીનાઓને પકડવા સુચના કરેલ હોઈ જે અંગે પો.સબ.ઈન્સ શ્રી જે.કે.બ્રહ્મભટ્ટ સરદારનગર પોલીસ સ્ટેશન તેમજ અ.હે.કો ગૌતમભાઇ કચરાભાઇ અ.હે.કો.રમેશભાઇ રત્નાભાઇ તથા અ.પો.કો કિરણભાઇ ચંદુભાઇ નાઓએ ઉપરોક્ત આરોપીને શોધી પકડીપાડી પ્રસંશનીય કામગીરી કરેલ છે.

**કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી-**(૧) શ્રી સી.આર.જાદવ સીની.પોલીસ ઇન્સપેક્ટર (૨) શ્રી એમ.બી.બારડ સે.પોલીસ (૩) પો.સબ.ઈન્સ શ્રી જે.કે.બ્રહ્મભટ્ટ સરદારનગર પો.સ્ટેશન (૪) અ.હે.કો ગૌતમભાઇ કચરાભાઇબ.નં ૯૩૬૫ (૫) અ.હે.કો હે.કો.રમેશભાઇ રત્નાભાઇબ.નં ૯૯૩૬ (૬) અ.પો.કો કિરણભાઇ ચંદુભાઇબ.ન૫૭૭૦



# બળાત્કાર તથા ચિટીંગના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**એસ.ઓ.જી.ક્રાઇમ બ્રાન્ચ :**

## દિયોદર પો.સ્ટે ના બળાત્કાર તથા વસ્ત્રાપુર પો.સ્ટેના ચિટીંગના એમ કુલ બે ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ

**(૧)**

પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર તથા ખાસ પોલીસ કમિશનરશ્રી, ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશનરશ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં મીલકત સંબધી બનેલ ગુના શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા તથા એસ.ઓ.જી ક્રાઇમ બ્રાંચના હેડને લગતી કામગીરી કરવા જરૂરી સુચનાઓ કરેલ.

જે અનવ્યે મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના સુપરવીઝન તથા માર્ગદર્શન આધારે પો.સ.ઇ. શ્રી.એમ.એલ.સોલંકી તેમની ટીમો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સાથેના હે.કો. ઘનશ્યામસિંહ વનુભા તથા હે.કો. જયેદ્રસિંહ વિક્રમસિંહ નાઓની સંયુકત બાતમી હકીકત વસ્ત્રાપુર પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૨૩૯/૨૦૧૮ ધી ઇ.પી.કો કલમ ૪૦૬,૪૨૦,૧૧૪ તથા દિયોદર ફ.ગુ.ર.નં.૨૩/૨૦૧૯ ધી ઇ.પી.કો કલમ ૩૭૬, ૫૦૬(૨) વિગેરે મુજબના ગુન્હામાં એક વર્ષથી  નાસતો ફરતો આરોપી હેમંત બાબુભાઈ દેસાઈ, ઉ.વ.૨૯, ધંધો.-ડ્રાઈવર, રહેવાસી. મ.નં.એ/૧૯, જય-અંબે નગર સોસાયટી ઉદગમ વિધ્યાલય પાસે થલતેજ અમદાવાદ શહેર મો.નં.૯૦૧૬૩૬૭૫૯૦ મૂળ વતન-વસઈ તા-ચાણસ્મા, જી-પાટણનાને આજરોજ તા.૨૭/૦૧/૨૦૨૦ ના કલાક ૧૮/૧૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ અટક કરી વધુ તપાસ અર્થે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન તરફ સોપવા તજવીજ હાથ ધરેલ છે. તા.૨૭/૦૧/૨૦૨૦



(૨)

**નવરંગપુરા પોલીસ સ્ટેશનના ચીટીંગના ગુનામાં છેલ્લા એક વર્ષથી નાસતા ફરતા આરોપીની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર તથા ખાસ પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમાં નાસતા ફરતા આરોપીઓને પકડવા તથા એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચના હેડને લગતી કામગીરી કરવા જરૂરી સુચનાઓ કરેલ.

જે અનવ્યે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાંચ, અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેકટર શ્રી કે.એ.પટેલ, એસ.ઓ.જી ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના સુપરવીઝન તથા માર્ગદર્શન આધારે એસ.ઓ.જી.ના પો.સ.ઈ. શ્રી બી.એમ.પટેલ નાઓ તેમની ટીમો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સાથેના હેડ કોન્સ જયદિપસિંહ ગનુભા તથા હે.કો.હીમ્મતસિંહ રણજીતસિંહ નાઓની સંયુકત બાતમી હકીકત આધારે છનાજી @ સુરેશ બળદેવભાઈ ઠાકોર ઉ.વ.૩૦ રહે, સાંતેજ તા.કલોલ જી.ગાંધીનગર નાને પકડી પુછપરછ કરતા પોતે નવરંગપુરા પો.સ્ટે. ના ચીટીંગના ગુનામા નાસતો ફરતો હોવાની હકીકત જણાવેલ જેથી સદરી બાબતે નવરંગપુરા પો.સ્ટે. ખાતે ખાત્રી તપાસ કરી કરાવતા સદરી આરોપી નવરંગપુરા પો.સ્ટે.ફસ્ટ.ગુ.ર.નં.૧૭૩/૨૦૧૮ ધી ઈપેકો કલમ ૪૦૬,૪૦૯,૪૨૦,૧૨૦(બી), ૨૦૧, તથા જી.પી.આઈ.ડી.એક્ટ ૨૦૦૩ ની કલમ-૩ મુજબના ગુન્હામા વોન્ટેડ હોવાની હકીકત જણાવતા સદરી આરોપીને આજરોજ તા.૨૭/૦૧/૨૦૨૦ ના રોજ પકડી નવરંગપુરા પો.સ્ટે. સોપવા તજવીજ હાથ ધરેલ છે.



## **નારોલ પોલીસ સ્ટેશન :**

## **સગીરવયની બાળા ને શોધી કાઢી અપહરણકર્તા આરોપીને પકડી પાડતી નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ**

મે.પોલીસ કમિશ્નરશ્રી આશિષ ભાટીયા સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ ઇ.મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર વિસ્તારમાં સગીરવયની બાળાઓ સાથે છેડતી તથા દુષ્કર્મ તથા અપહરણના બનાવો સબંઘે ફરીયાદી/અરજદારની આવી કોઇ રજુઆત/ફરીયાદ તો તાત્કાલિક ફરીયાદ દાખલ કરાવી ભોગબનનાર તથા આરોપીને શોધી કાઢી જરૂરી કાર્યવાહી કરવા સુચન કરેલ હોય જેથી પો.ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પોલીસ સ્ટેશન નાઓએ નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલા થયેલ નારોલ પો.સ્ટે. PART-A-11191065200064/2020 ઇપીકો કલમ ૩૬૩,૩૬૬, ૩૭૬(૨)(એન),૩૭૬(૩) તથા પોક્સો એકટ કલમ ૧૧(૬).૧૨, ૩,૪,૫(એલ),૬,૮,૯ (એલ),૧૦ મુજબના ફરીયાદી ની સગીરવયની દીકરી ઉ.વ.૧૨ વર્ષ ૬ માસ નાનીને આરોપી/અપહરણકર્તા શૈલેષ ઉર્ફે કાળીયો સન/ઓફ જયંતિભાઇ મગનભાઇ જાતે ચુનારા ઉ.વ.૨૦ વર્ષ ૮ માસ રહે.ચુનારાવાસ દશામાના મંદિરની પાછળ નારોલ ગામ નારોલ અમદાવાદ શહેર મુળ વતન ગામ પલાણા તા:નડીયાદ જી.ખેડા તા:૨૪/૦૧/૨૦૨૦ ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના સુમારે ફરી.ના કાયદેસરના વાલીપણામાંથી લલચાવી ફોસલાવી ભગાડીને લઇ જે અંગે તાત્કાલિક ફરીયાદ દાખલ કરી ખુબ જ ટુંકા સમયગાળામાં આરોપી તથા ફરીયાદીની સગીરવયની બાળા/ભોગબનનાર ને શોધી કાઢી સદરી આરોપીને તા.૨૭/૦૧/૨૦૨૦ ના રોજ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ હોય જે પ્રશંસનીય કામગીરી નારોલ પોલીસ દ્વારા કરવામાં આવેલ છે.



# પાસાના આરોપીની અટકાયતની વિગત

## ગુના નિવારણ શાખા :

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશ્નર શ્રી આશીષ ભાટિયાનાઓએ **તા.૨૭.૧.૨૦૨૦** નારોજ અમદાવાદ શહેરના જુદા-જુદા પોસ્ટે વિસ્તારમાં મિલ્કતસબંધી/શરીર સબંધી/ પ્રોહીબીશનની ગુનાહિત પ્રવૃતિઓ કરતા ઇસમો વિરુધ્ધ નીચે મુજબની વિગતે પાસા હુકમ કરવામાં આવેલ છે.

- અમદાવાદ શહેરના વટવા તથા ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમા ખોટો શક રાખી લોકોની સાથે બોલાચાલી ઝઘડો કરી બિભત્સ ગાળો બોલી છરી વડે જમણા હાથે ઈજા કરનાર તથા પોતે રાજયસેવક ન હોય તેમ છતા રાજયસેવક તરીકે ખોટુ નામ ધારણ કરનાર તથા ખોટી સહીઓ કરી આધાર કાર્ડ રજુ કરનાર ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ ઈસમ નાસીરખાન ફિરોજખાન પઠાણ ઉર્ફે અમીતભાઈ રહેવાસી- મ.ન.એએ/૧ સિધ્ધીવિનાયક પાર્ક, પારસમણી ફ્લેટની પાસે, દક્ષિણી સોસાયટી બાજુમાં,મણીનગર અમદાવાદ શહેર તથા નુરનગર સિલ્વર પાર્ટી પ્લોટની પાછળ વટવા અમદાવાદ શહેર વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | નાસીરખાન ફિરોજખાન પઠાણ ઉર્ફે અમીતભાઈ રહેવાસી- મ.ન.એએ/૧ સિધ્ધીવિનાયક પાર્ક, પારસમણી ફ્લેટની પાસે, દક્ષિણી સોસાયટી બાજુમાં,મણીનગર અમદાવાદ શહેર તથા નુરનગર સિલ્વર પાર્ટી પ્લોટની પાછળ વટવા અમદાવાદ શહેર |

- અમદાવાદ શહેરના વટવા તથા નારોલ પોલીસ સ્ટેશન પોતાના સાગરિતો સાથે મળી અગાઉ થયેલ ઝઘડાની અદાવત રાખી લોકોની સાથે બોલાચાલી કરી ઝઘડો કરી તલવાર વડે ડાબા હાથના પંજા ઉપર ઈજા કરી કરી આવી હિંસાત્મક પ્રવૃતિ આચરી જાહેર જનતામા અસલામતીની દહેશત ઉભી કરનાર માથાભારે અને ગુનાહિત માનસ ધરાવનાર ઈસમ નામે  આશીફખાન મંજુરખાન નુરખાન પઠાણ રહેવાસી- ૫૫/૧૭૩૫ સદભાવના નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર તથા મ.ન.૧, સરતાજનગર સના  સોસાયટી વટવા કેનાલ વટવા અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી વડોદરા જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | આશીફખાન મંજુરખાન નુરખાન પઠાણ રહેવાસી- ૫૫/૧૭૩૫ સદભાવના નગર ચાર માળીયા વટવા અમદાવાદ શહેર તથા મ.ન.૧, સરતાજનગર સના  સોસાયટી વટવા કેનાલ વટવા અમદાવાદ |

➢ અમદાવાદ શહેરના સરદારનગર તથા એરપોર્ટ તથા સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમા પોતના ઘરે દારુની ભટ્ટી ગાળી ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશી દારુના જથ્થાનુ પોતાના સગરિતોને વેચાણ કરી પોતના સાગરિતો સાથે મળી ગેરકાયદેસર ના વગર પાસ પરમીટના દેશી દારુનુ વેચાણ કરી એકબીજાના મેળાપીપણમા ગેરકાયદેસરના વગર પાસ પરમીટના દેશીદારુના જથ્થાની હેરાફેરી કરી દેશીદારુનુ વેચાણ કરી આર્થિક નાણકીય લાભ મેળવી ગુનાહિત અસમાજીક પ્રવૃતિ આચરનાર ઈસમ રીતેષ ઉર્ફે માઈકલ ગોપાલભાઈ ગારંગે રહેવાસી- ફ્રી કોલોની, છારાનગર, કુબેરનગર, સરદારનગર અમદાવાદ વિરુધ્ધ પાસા વોરંટ જારી કરી ભુજ જેલ ખાતે મોકલવાની તજવીજ કરવામાં આવેલ છે.

| | |
|---|---|
|  | રીતેષ ઉર્ફે માઈકલ ગોપાલભાઈ ગારંગે રહેવાસી- ફ્રી કોલોની, છારાનગર, કુબેરનગર, સરદારનગર અમદાવાદ |

➢ આ ઉપરાંત પ્રોહીબીશન ગુનાઓની પ્રવૃતિ સાથે સંકળાયેલ અન્ય ૧ ઇસમો મળી **કુલ્લે ૪ ઇસમો વિરુધ્ધ પાસા હુકમ કરી** તેઓને રાજકોટ જેલ ખાતે મોકલવા તજવીજ કરવામાં આવેલ છે.

**મેઘાણીનગર પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ (ઈન્ચાર્જ) તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર ડી.જે.ચુડાસમા નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહીબીશનના ગુનામાં પકડાયેલ આરોપી નામે નવીન ભગાજી જાતે ઠાકોર ઉ.વ.૨૬ રહે.ચીમનલાલ મહાસુખલાલની ચાલી, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાઓ વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે મેઘાણીનગર પો.સ્ટે.પ્રોહી.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩ ૩૨૦૦૦૬૨/૨૦૨૦ પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઈ), ૯૮(૨), ૧૧૬(બી) મુજબનો ગુનો નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન /પાસા/૧૦૮/૨૦૨૦ તા.૨૭/૦૧/૨૦૨૦ થી પાસા અટકાયત તરીકે "રાજકોટ મધ્યસ્થ જેલ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમની આજરોજ તા.૨૭/૦૧/૨૦૨૦ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "રાજકોટ મધ્યસ્થ જેલ" ખાતે મોકલી આપેલ છે.તા.૨૭/૦૧/૨૦૨૦

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧)સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. આર.ડી.જાડેજા

(૨)પો.કો. ચેતનસિંહ રાજેંદ્રસિંહ બ.નં.૮૪૬૭

(૩ )એલ.આર.અરૂણસિંહ યશપાલસિંહ બ.નં.૪૨૪૭



**સરખેજ પોલીસ સ્ટેશન :**

## પ્રોહીબીશનનાં ગુન્હાનાં આરોપીની "પાસા" અટકાયત હેઠળ ધરપકડ કરતી સરખેજ પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબ નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રોહીબીશનનાં ગુન્હામાં પકડાયેલ નીચે જણાવેલ ઇસમ વિરુધ્ધમાં ગુન્હાઓ એકત્ર કરી કરાવી અત્રેથી મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર નાઓને દરખાસ્ત પાઠવી મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની કચેરીના ક્રમાંક પીસીબી/ડીટેઇન/પાસા/૧૦૪/૨૦૨૦ તા. ૨૪/૦૧/૨૦૨૦ થી સદર ઇસમને "લાજપોર જેલ સુરત" "પાસા"અટકાયતમાં રાખવાનો હુકમ કરેલ હોય જેથી સદર ઇસમ નાઓને આજરોજ તા-૨૭/૦૧/૨૦૨૦ ના કલાક ૧૬/૪૫ વાગે ઉપરોક્ત "પાસા" હુકમની બજવણી કરી "પાસા" અટકાયતમાં કેદ રહેવા સારુ યોગ્ય જાપ્તા સાથે "લાજપોર જેલ સુરત" મોકલી આપવામાં આવેલ છે

**આરોપી:- લીયાકતખાન સ/ઓ અકબરખાન નુરૂ મેઉ ઉવ.૩૦ રહે.હાઉસ નં-૩૭૦ મસ્જીદ પાસે,ઉમરા -૨૦ ઉમરા મેવાત હરીયાણા**

